# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

1. RBIએ સરકારી જામીનગીરીમાં વિદેશી રોકાણકારો દ્વારા રોકાણને નિયંત્રિત કરવાના નિયમોને સરળ બનાવ્યા.
2. દિલ્હી પોલીસે માલવિયા નગર આગ દુર્ઘટના મામલે કેશવ નેગી નામક હોટલના રસોઈયાની ધરપકડ કરી.
3. મોરેશિયસે ઇબોલા સંક્રમણને પગલે કોંગો, યુગાન્ડા દક્ષિણ - સુદાનમાંથી આવેલ વિદેશી નાગરિકો પર કામચલાઉ પ્રવેશ પ્રતિબંધ લાદ્યો.
4. આજે કેરળ અને માહેમાં ભારે વરસાદનું રેડ એલર્ટ.
5. ભારત આજે પુરુષોની અંડર 18 એશિયા કપ હોકી સ્પર્ધાની ફાઇનલમાં જાપાન સામે રમશે.

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# RBI FPI FRAMEWORK

ભારતીય રિઝર્વ બેંકે સરકારી જામીનગીરીમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા કરાતાં રોકાણ અંગેના નિયમોને સરળ બનાવ્યા છે. સુધારેલા માળખાનો હેતુ રોકાણ અને વિદેશી રોકાણકારો માટે નિયમોના પાલનને સરળ બનાવવાનો છે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ.....

(VC: ANKITA APTE)

# RAJNATH - GDP GROWTH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે જણાવ્યું હતું કે જ્યારે ઘણા દેશો આર્થિક અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા છે, ત્યારે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકે આગળ વધી રહ્યું છે. નાણાકીય વર્ષ 2025-26 માં 7.7 ટકાના નોંધાયેલા GDP વૃદ્ધિ દરનો ઉલ્લેખ કરતા, શ્રી સિંહે કહ્યું કે આ સિદ્ધિ છેલ્લા 12 વર્ષમાં બનેલા ભારતીય અર્થતંત્રની સ્થિતિસ્થાપકતાને દર્શાવે છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી સિંહે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ભારતે આર્થિક વિકાસને સ્થિરતા, આત્મવિશ્વાસ, ટકાઉપણું અને વિશ્વસનીયતા સાથે જોડ્યો છે.

# MADHYA PRADESH-INDIA-LATIN-FORUM

મધ્યપ્રદેશના ઇન્દોરમાં આજે ભારત-લેટિન અમેરિકા અને કેરેબિયન વેપાર અને રોકાણ મંચ 2026નું આયોજન કરાયું છે. જેમાં 15 લેટિન અમેરિકન અને કેરેબિયન દેશોના રાજદૂતો અને રાજદ્વારી પ્રતિનિધિઓની સાથે ઉદ્યોગજગતના નેતાઓ અને રોકાણકારો ભાગ લેશે. આ કાર્યક્રમનો ઉદેશ્ય ભારત અને લેટિન અમેરિકા અને કેરેબિયન દેશો વચ્ચે વેપાર અને રોકાણની નવી તકો શોધવાનો છે.

મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. કાર્યક્રમ દરમિયાન, ઉત્પાદન અને સેવા ક્ષેત્રો માટે અલગ સત્રો યોજાશે. ઉત્પાદન સત્ર ફાર્માસ્યુટિકલ્સ, ઓટોમોબાઇલ્સ, કાપડ અને ફૂડ પ્રોસેસિંગ પર ધ્યાન કેન્દ્રિત કરશે. સેવા સત્રમાં આઇટી, પર્યટન, ફિનટેક અને શિક્ષણનો સમાવેશ થશે. ઉપરાંત રોકાણકારો અને ઉદ્યોગ પ્રતિનિધિઓ વચ્ચે વિવિધ બેઠકો પણ યોજાશે.

# MALVIYA NAGAR FIRE

દિલ્હી પોલીસે માલવિયા નગર આગ દુર્ઘટના મામલે કેશવ નેગી નામના એક હોટલ રસોઈયાની ધરપકડ કરી છે. ગત 3જૂને  માલવિયા નગરમાં એક હોટલમાં આગ લાગતા 21 લોકોના મોત થયા હતા જ્યારે 40 લોકો ઘાયલ થયા હતા.

અગાઉ, પોલીસે હોટલ માલિકની પણ સદોષ હત્યા અને અન્ય સંબંધિત કલમો હેઠળ ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે વધુ પૂછપરછ અને તપાસ ચાલી રહી છે.

# JAYSHANKAR –BIMSTEC

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે BIMSTEC દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે કહ્યું કે BIMSTEC બંગાળની ખાડી ક્ષેત્રમાં સહિયારી સમૃદ્ધિ, જોડાણ અને સ્થિતિસ્થાપકતાને પ્રોત્સાહન આપવા તરફ આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે, ભારત એકતા અને પરસ્પર સહયોગની ભાવનામાં BIMSTEC સભ્ય દેશો સાથે સહયોગને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

BIMSTEC, અથવા બહુ-ક્ષેત્રીય ટેકનિકલ અને આર્થિક સહકાર માટે ખાડી બંગાળની પહેલ, એક પ્રાદેશિક સંગઠન છે જેનો હેતુ બંગાળની ખાડીની સરહદે આવેલા દેશો વચ્ચે આર્થિક સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.

# AP JAN SENA RS

આંધ્ર પ્રદેશમાં, જન સેના પાર્ટીના પ્રમુખ પવન કલ્યાણે આગામી રાજ્યસભા ચૂંટણી માટે લિંગામનેની રમેશને પાર્ટીના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે.

પાર્ટી દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર નિવેદન દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. લિંગામનેની રમેશ આજે પોતાનું ઉમેદવારી પત્ર ભરશે. પાર્ટીના જણાવ્યા અનુસાર, રમેશ 2015 થી જન સેના અને તેના નેતૃત્વ સાથે જોડાયેલા છે.

# MAURITIUS

મોરેશિયસે છેલ્લા 21 દિવસમાં કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાનની મુસાફરી કરનારા અથવા ત્યાંથી પસાર થયેલા વિદેશી નાગરિકોના પ્રવેશ પર કામચલાઉ  રૂપે પ્રતિબંધ મૂક્યો છે.

ઇબોલા વાયરસના પ્રકોપને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે. સ્થાનિક નાગરિકો અને વ્યવસાય અથવા વિદ્યાર્થી પરમિટ ધરાવતા વિદેશી નાગરિકોને દેશમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. જો કે, જો તેઓએ છેલ્લા ત્રણ અઠવાડિયામાં આમાંથી કોઈપણ દેશની મુલાકાત લીધી હોય, તો તેમને 21 દિવસ માટે ક્વોરેન્ટાઇનમાં રહેવું પડશે. અસરગ્રસ્ત દેશોમાંથી આવતા મુસાફરો માટે સ્ક્રીનીંગ પણ ફરજિયાત રહેશે. મોરેશિયસ સરકારે જુલાઈમાં દેશમાં યોજાનારી 18મી અમેરિકા -આફ્રિકા બિઝનેસ સમિટને મુલતવી રાખવાની પણ હાકલ કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AASAM CABINET

આસામ કેબિનેટે સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહત (DR) માં હાલના 58 ટકાથી વધારો કરીને 60 ટકા કરવાનો નિર્ણય લીધો છે. ગઈકાલે ગુવાહાટીમાં મુખ્યમંત્રી ડૉ. હિમંતા બિસ્વા સરમાની અધ્યક્ષતામાં રાજ્ય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

રાજ્ય કેબિનેટે દિબ્રુગઢને બીજા રાજ્ય રાજધાની ક્ષેત્ર તરીકે જાહેર કરવાના અને બીજા રાજ્ય રાજધાની ક્ષેત્ર વિકાસ સત્તામંડળની રચના કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી હતી. આ પ્રદેશ દિબ્રુગઢ જિલ્લામાં દિબ્રુગઢ કેપિટલ કોમ્પ્લેક્સના 20 કિલોમીટરના ત્રિજ્યામાં આવશે.

અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણયમાં, મંત્રીમંડળે નાણાકીય વર્ષ 2026-27 માટે MLA સ્થાનિક વિસ્તાર વિકાસ ફાળવણીમાં પ્રતિ MLA ₹1 કરોડથી વધારો કરીને ₹1.5 કરોડ કરવાની મંજૂરી આપી. નાણાકીય વર્ષ 2027-28 થી આ ફાળવણી પ્રતિ MLA ₹2 કરોડથી વધારીને ₹2 કરોડ કરવામાં આવશે.

# KUNO-KARACAL

મધ્યપ્રદેશના શ્યોપુર જિલ્લાના કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં ઘણા દાયકાઓ પછી દુર્લભ જંગલી બિલાડી, કારાકલ જોવા મળી છે. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે આને વન્યજીવન સંરક્ષણમાં એક મોટી સિદ્ધિ ગણાવી. તેમણે કહ્યું કે પ્રોજેક્ટ ચિત્તા હેઠળ, કુનો રાષ્ટ્રીય ઉદ્યાન વન્યજીવન સંરક્ષણ માટે એક સફળ મોડેલ તરીકે ઉભરી આવ્યું છે, અને કારાકલનું પુનરાગમન આનો પુરાવો છે.

# MAHARASHTR -FSSAI

ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ. -FSSAI પશ્ચિમ ક્ષેત્રે, તમામ ખાધ્ય વ્યવસાયીઓને તાત્કાલિક ધોરણે પેકિંગ અથવા ખોરાક પીરસવા માટે અખબારનો ઉપયોગ બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે.

મુંબઈમાં એક વડાપાંવ વિક્રેતાએ તાજેતરમાં પેકેજિંગ માટે અખબારનો ઉપયોગ કર્યો હતો. આ ઘટના બાદ, FSSAI અને મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને સંયુક્ત કાર્યવાહી કરી.

FSSAI એ ચેતવણી આપી હતી કે છાપકામની શાહીમાં સીસું અને અન્ય ભારે ધાતુઓ સહિત અનેક હાનિકારક રસાયણો હોય છે. પેકેજિંગ માટે અખબારનો ઉપયોગ ખોરાક દૂષિત કરી શકે છે અને લાંબા સમય સુધી સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું કરી શકે છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (પેકેજિંગ) રેગ્યુલેશન્સ, 2018 ને ટાંકીને, ઓથોરિટીએ પુનરોચ્ચાર કર્યો કે ખોરાક સંગ્રહિત કરવા, પેક કરવા અથવા પીરસવા માટે અખબાર અથવા સમાન અપ્રમાણિત સામગ્રીનો ઉપયોગ સખત પ્રતિબંધિત છે. ઓથોરિટીએ શેરી ફેરિયાઓ , હોટેલ , ક્લાઉડ કિચન અને ફૂડ વિક્રેતાઓને ચેતવણી જાહેર કરી છે.

# MANGO FESTIVAL - SEATTLE

અમેરિકાના સિએટલમાં આજે બીજો મેંગો મેજિક ફેસ્ટિવલ યોજાયો. જેમાં અમેરિકાના કોસ્ટકો જેવા છૂટક વેપારી સહિત ભારતીય ફળોના સોથી વધુ અગ્રણી આયાતકારોએ ભાગ લીધો હતો. ફેસ્ટિવલમાં મહારાષ્ટ્રની આલ્ફોન્સો અને કેસર, આંધ્રપ્રદેશની બંગનપલ્લી અને હિમાયત, ઉત્તરપ્રદેશની લાંગરા અને દશેરી અને ગુજરાતની રાજાપુરી કેરીનું પ્રદર્શન યોજાયું છે. સિએટલમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે ગયા વર્ષે જુલાઈમાં અમેરિકન ગ્રાહકો માટે કોસ્ટકો જેવા મોટા રિટેલ સ્ટોર્સમાં ભારતીય કેરીની નવી પ્રીમિયમ જાત લાવવાના પ્રયાસ સાથે ભારત અને ગ્રેટર સિએટલ વિસ્તાર બંનેમાં વિવિધ હિસ્સેદારો સાથે ભાગીદારી કરી હતી. ભારત હાલમાં વિશ્વનો સૌથી મોટો કેરી ઉત્પાદક દેશ છે, જેનું વાર્ષિક ઉત્પાદન 26 મિલિયન મેટ્રિક ટનથી વધુ છે અને 1,000 થી વધુ નામવાળી જાતો છે.

# IMD - KERALAM RAIN

હવામાન વિભાગએ આજે કેરળ અને માહેમાં ભારે વરસાદનું રેડ એલર્ટ આપ્યું છે. ઉત્તર પૂર્વ ભારત, કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના કેટલાક ભાગોમાં પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, તેલંગાણા, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, રાયલસીમા, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વીપમાં પણ આવી જ સ્થિતિની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે એ આજે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, ઉત્તરાખંડ, પૂર્વ ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઝારખંડ અને જમ્મુ અને કાશ્મીરમાં ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

# ASIA CUP

ભારત આજે પુરુષોની અંડર-18 એશિયા કપ 2026 હોકી સ્પર્ધાની ફાઇનલમાં યજમાન જાપાન સામે રમશે. આ મેચ જાપાનના કાકામિગહારામાં ભારતીય સમય મુજબ બપોરે 3:30 વાગ્યે શરૂ થશે.

ગઈકાલે સેમિફાઇનલમાં ભારતે પાકિસ્તાનને ૫-૩થી હરાવ્યું હતું અને જાપાને મલેશિયાને 8-1 થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ત્રીજા સ્થાન માટેની મેચમાં પાકિસ્તાનનો મુકાબલો મલેશિયા સામે થશે.